**ઍક્શન ઑન પ્રિ-એક્લેમ્પસિઆ યુકે સ્થિત ચૅરિટિ સંસ્થા છે, જેની 1991માં સ્થાપના થઈ. જે સ્ત્રીઓને પ્રિ-એક્લેમ્પસિઆ, (પ્રિક્લેમ્પસિઆ), એક્લેમ્પસિઆ, HELLP સિંડ્રોમ અથવા પ્રેગનન્સિ ઈન્ડ્યૂસ્ડ હાઈપરટેનશન (PIH) થયા હોય એમને અમે મદદ અને આધાર આપીએ છીએ.**

જે સ્ત્રીઓને પ્રિ-એક્લેમ્પસિઆ થઈ ગયો હોય એમને આધાર અને માહિતી આપવા માટે ઍક્શન ઑન પ્રિ-એક્લેમ્પસિઆની સ્થાપના થઈ. ત્યાર પછી, અમે એક ઑર્ગનાઈઝેશનનો વિકાસ કર્યો, પરંતુ અમારા લક્ષ્યો અને સ્વપ્નો પહેલાંની જેમ જ રહ્યા છે.

અમારું સ્પપ્ન ભવિષ્ય માટે છે, જેમાં પ્રિ-એક્લેમ્પસિઆ માતાઓ અને એમના ન જન્મેલા શિશુઓના સ્વસ્થ્ય અને તંદુરસ્તી માટે કોઈ પણ ગંભીર ભય કે ડર પેદા ના કરે. અમારું દૂરંદેશીપણું  છે કે, જનતામાં વધારે જાગૃતિ, વ્યાવસાયિક જ્ઞાન અને કુશળતા પેદા કરવી અને અસર પામેલા કુટુંબો માટેની તરત અને લગાતાર આધારની જોગવાઈ કરી પ્રિ-એક્લેમ્પસિઆની પીડાને ઓછી કરવી કે રોકવી.

અમારું લક્ષ્ય છે, જનતા અને સ્વાસ્થ્યના વ્યાવસાયિકોને પ્રિ-એક્લેમ્પસિઆના જોખમો, વૃત્તિ અને વ્યાપકતા બાબત શિક્ષા, માહિતી અને સલાહ આપવી. રોગ માટે જનતા વધારે જાગૃત થાય એ માટે અમે ઝુંબેશ કરીએ છીએ અને રોગને શોધી કાઢી એના ઉપચાર માટે વધારે સુધારાઓ ધરાવતી રીતો પ્રાપ્ત કરવા માટે પણ પ્રયત્ન કરીએ છીએ. અસર પામેલી સ્ત્રીઓ અને એમના કુટુંબોને અમે આધાર આપીએ છીએ અને રોગના કારણોના, યોગ્ય તપાસ માટેની રીતોના અને ઉપચારની રીતોના સંશોધનને પ્રોત્સાહન આપીએ છીએ.

સગર્ભા સ્ત્રીઓને, અસર પામેલા કુટુંબોને અને સ્વાસ્થ્યના વ્યાવસાયિકોને, જેઓ માતૃત્ત્વની સારસંભાળમાં સમાવિષ્ટ હોય એમને અમે પ્રિ-એક્લેમ્પસિઆ વિષે માહિતી આપીએ છીએ. અધિવેશન કાર્યક્રમો અને અધ્યયનના સમય સાથે અમે પ્રિ-એક્લેમ્પસિઆ વિષે વ્યાવસાયિક શિક્ષણ આપીએ છીએ. અમારી રાષ્ટ્રીય ટેલિફોન હેલ્પલાઈન (+208 427 4217) છે, સ્થાનિક મિત્રોનું નેટવર્ક છે અને તજજ્ઞ સલાહ અને દેખભાળ પણ અમે મેળવી શકીએ છીએ.